# પોલીસ કમિશનર, અમદાવાદ શહેર

## જાહેરનામું

## ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧

ક્રમાંક: ક.૨/મહેકમ-૧/મેટ્રો/૧૨૨/૨૦૨૬.
તારીખ: ૧૮/૦૨/૨૦૨૬

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ. ને ગુજરાત રાજ્યમાં મેટ્રો રેલ નેટવર્કના નિર્માણ તથા જાળવણીની જવાબદારી સોંપવામાં આવેલ છે. હાલની સ્થિતિ મુજબ, કાર્યરત મેટ્રો રેલ નેટવર્ક ૬૦ કિ.મી.થી વધુ વિસ્તાર સુધી વિસ્તરેલું છે. વધુમાં, મેટ્રો નેટવર્કના વિસ્તરણ સાથે મેટ્રોની ટ્રેનોની અંદર તથા મેટ્રો પરિસરમાં ગુનાખોરી તથા કાયદો-વ્યવસ્થાના પ્રશ્નો ઊભા થવાની સંભાવના પણ વધેલી છે. મેટ્રો કોરિડોર અનેક સ્થાનિક પોલીસ સ્ટેશનની હદમાં ફેલાયેલ હોવાથી, કોઇપણ ઘટનાની પરિસ્થિતિમાં પરસ્પર સંકલન કરવું મુશ્કેલ બને છે અને પ્રતિસાદ આપવામાં વિલંબ થવાની શક્યતા રહે છે. મેટ્રોમાં કાયદો-વ્યવસ્થા સંબંધિત કોઇપણ પરિસ્થિતિ અથવા અનિચ્છનિય ઘટનાના સમયે અસરકારક સંકલન, સરળ સંચાર તથા ઝડપી પ્રતિસાદ સુનિશ્ચિત કરવા માટે તેમજ વહીવટી અનુકુળતા તથા સામાન્ય જનતાની સુગમતા માટે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૧૨ થી મળેલ સત્તાની રૂએ હું જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર અમદાવાદ કમિશ્નરેટ વિસ્તાર માટે નીચે મુજબ હુકમ કરું છું.

(૧) મેટ્રોની ટ્રેનોની અંદર ચોરી, મારામારી/હુમલો, ધાડ-લુંટ, ખુન, ઠગાઇ, છેડતી, જાતીય સતામણી, અશ્લીલ વર્તન, જાહેર સંપત્તિને નુકશાન, જાહેર શાંતિ ભંગ, ગેરકાયદે પ્રવેશ, પ્રતિબંધિત/શંકાસ્પદ વસ્તુઓનો ઉપયોગ તથા માલવહન, કર્મચારીને ફરજ બજાવવાથી અટકાવવું વગેરે જેવા ફોજદારી ગુના તથા

(૨) મેટ્રોની કોઇપણ સંપત્તિ જેવી કે બિલ્ડિંગ, પ્લેટફોર્મ, વાયર વગેરેને નુકશાન તેમજ ચોરી અંગેના ગુના નીચેના કોષ્ટકમાં જણાવ્યા મુજબ સેક્ટર-૧ના હદ વિસ્તાર માટે પાલડી પોલીસ સ્ટેશન ખાતે તથા સેક્ટર-૨ના હદ વિસ્તાર માટે ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોંધવાના રહેશે.

વધુમાં, ઉપર જણાવ્યા સિવાયની અન્ય તમામ પરિસ્થિતિ માટે ગુના જે-તે વિસ્તારના સ્થાનિક પોલીસ સ્ટેશન ખાતે જ નોંધવાના રહેશે. (દા.ત. પ્લેટફોર્મ ઉપર મારામારીના બનાવ વગેરે)

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

| અ.નં. | સેક્ટર | ઝોન | સેક્ટર/ઝોન વાઇઝ પોલીસ સ્ટેશન | મેટ્રો ટ્રેનની અંદર તથા મેટ્રોની સંપત્તિ બાબતે ઉપર જણાવ્યા મુજબના ગુના નોંધવાનું પોલીસ સ્ટેશન |
|---|---|---|---|---|
| ૧ | સેક્ટર-૧ | ઝોન-૧ | વસ્ત્રાપુર પો.સ્ટે. | પાલડી પોલીસ સ્ટેશન |
| | | | સોલા પો.સ્ટે. | |
| | | | ઘાટલોડીયા પો.સ્ટે. | |
| | | | ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે. | |
| | | | નારણપુરા પો.સ્ટે. | |
| | | | નવરંગપુરા પો.સ્ટે. | |
| | | | સાબરમતી રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. | |
| | | | વાડજ પો.સ્ટે. | |
| | | ઝોન-૭ | એલિસબ્રિજ પો.સ્ટે. | |
| | | | સરખેજ પો.સ્ટે. | |
| | | | વાસણા પો.સ્ટે. | |
| | | | વેજલપુર પો.સ્ટે. | |
| | | | બોડકદેવ પો.સ્ટે. | |
| | | | આનંદનગર પો.સ્ટે. | |
| | | | પાલડી પો.સ્ટે. | |
| | | | સેટેલાઇટ પો.સ્ટે. | |
| | | ઝોન-૨ | ચાંદખેડા પો.સ્ટે. | |
| | | | માધવપુરા પો.સ્ટે. | |
| | | | રાણીપ પો.સ્ટે. | |
| | | | સાબરમતી પો.સ્ટે. | |
| | | | સાબરમતી રીવરફ્રન્ટ ઇસ્ટ પો.સ્ટે. | |
| | | | કારંજ પો.સ્ટે. | |
| | | | શાહપુર પો.સ્ટે. | |

INWARD NO 320
DATE 23/02/26

| | | | | |
|---|---|---|---|---|
| | | ઝોન-૩ | કાલુપુર પો.સ્ટે. | |
| | | | શહેરકોટડા પો.સ્ટે. | |
| | | | ગાયકવાડ હવેલી પો.સ્ટે. | |
| | | | ખાડીયા પો.સ્ટે. | |
| ૨ | સેક્ટર-૨ | ઝોન-૪ | દરિયાપુર પો.સ્ટે. | ખોખરા પોલીસ સ્ટેશન |
| | | | શાહીબાગ પો.સ્ટે. | |
| | | | એરપોર્ટ પો.સ્ટે. | |
| | | | કૃષ્ણનગર પો.સ્ટે. | |
| | | | મેઘાણીનગર પો.સ્ટે. | |
| | | | નરોડા પો.સ્ટે. | |
| | | | સરદારનગર પો.સ્ટે. | |
| | | ઝોન-૫ | બાપુનગર પો.સ્ટે. | |
| | | | ગોમતીનગર પો.સ્ટે. | |
| | | | રખિયાલ પો.સ્ટે. | |
| | | | અમરાઈવાડી પો.સ્ટે. | |
| | | | ખોખરા પો.સ્ટે. | |
| | | | નિકોલ પો.સ્ટે. | |
| | | | ઓઢવ પો.સ્ટે. | |
| | | | રામોલ પો.સ્ટે. | |
| | | ઝોન-૬ | ઈસનપુર પો.સ્ટે. | |
| | | | મણીનગર પો.સ્ટે. | |
| | | | વટવા પો.સ્ટે. | |
| | | | વટવા જી.આઈ.ડી.સી. પો.સ્ટે. | |
| | | | દાણીલીમડા પો.સ્ટે. | |
| | | | કાગડાપીઠ પો.સ્ટે. | |
| | | | નારોલ પો.સ્ટે. | |

આજ રોજ તા. ૧૯/૦૨/૨૦૨૬ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તારીખ: ૧૯/૦૨/૨૦૨૬
સ્થળ : અમદાવાદ શહેર

( જી.એસ.મલિક )
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :-**

- અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહવિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- મુખ્ય પોલીસ અધિકારી અને નિયામકશ્રી, લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુ.રા., અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારીએકમો, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી,સી.આઇ.ડી.ક્રાઇમ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇન્ટે.), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર
- જોઇન્ટ મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ., બ્લોક નં.૧, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ
- નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર
- કલેક્ટરશ્રી, અમદાવાદ શહેર.

- નિયામકશ્રી, માહિતી વિભાગ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સંયુક્ત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા રોડ, અમદાવાદ
- રજીસ્ટારશ્રી સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
- રજીસ્ટ્રારશ્રી, સેસન્સ કોર્ટ, અમદાવાદ ગ્રામ્ય, મીરઝાપુર, અમદાવાદ
- ચીફ મેટ્રોપોલીટન, મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
- મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેસન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
- સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક શાખા, ક્રાઇમ શાખા, અમદાવાદ શહેર
- અધિક પોલીસ કમિશ્નરશ્રી, વહીવટ, સેક્ટર-૧, સેક્ટર-૨, વિશેષ શાખા, અમદાવાદ શહેર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ રેન્જ/ગાંધીનગર રેન્જ.
- મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારુ (E-mail: gogpress-vad@gujarat.gov.in)
- તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર.
- નાયબ પોલીસ કમિશનરશ્રી,(ઇન્ટે.), અમદાવાદ શહેર
- પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર
- તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ, અમદાવાદ શહેર
- જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
- તમામ પોલીસ ઇન્સપેક્ટરશ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરવા સારુ)
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
- પોલીસ ઇન્સપેક્ટરશ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશનરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારુ)
- મદદનીશ પોલીસ કમિશનરશ્રી, સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર (પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારુ)